**::-ફોજદારી કેસ નં.૩૯૯૨૧/૨૦૦૧-::**

**::-આંક ૧ લગત હુકમ ::**

રેકર્ડ વંચાણે લેતાં ફરિયાદી સુર્યકાન્ત ગોવિંદભાઈ પટેલ તે કે.એસ.કેમીકલ એન્ડ ટેકનીકલ સર્વીસીસના માલીક રહેવાસી ૪૫ સોનલવાટીકા સોસાયટી સયાજી પાર્ક આજવા રોડ વડોદરાના ઓએ બ્રહમપુત્ર પ્રોસેસર પ્રા.લી. કંપની તથા સુભાષભાઈ શર્મા તથા નરેશભાઈ શર્મા વિરુધ્ધ ઈપીકો કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબના ગુના અંગેની ફરિયાદ તારીખ ૮/૩/૨૦૦૧ના રોજ દાખલ કરતાં ફરિયાદીનું વેરીફીકેશન નોંધી ઈપીકો કલમ ૪૦૬ મુજબનો સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલ. ફરિયાદ દાખલ કર્યા બાદ ફરિયાદી હાજર રહેતા ન હોય ફરિયાદીની ગેરહાજરી તથા કાર્યવાહીના અભાવે હાલની ફરિયાદ લાંબા સમયથી પેન્ડીંગ હોય ફરિયાદી ને નોટિસ કરવામાં આવેલ જે નોટિસ બજે કે બિનબજે પરત આવેલ નથી. ફરિયાદ દાખલ કર્યા બાદ ફરિયાદી હાજર રહેલ ન હોય કાર્યવાહીના અભાવે હાલની ફરિયાદ પેન્ડીંગ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

ફરીયાદીની ગેરહાજરી તથા કાર્યવાહીના અભાવે કોઇ પુરાવો રજુ કરેલ ન હોય કે આરોપીને બજવણી કરવા કાર્યવાહી કરેલ ન હોય. સી આર પી સી ની કલમ ૨૪૫ (૧) અન્વયે આરોપીને છોડી મુકવાનો હુકમ કરવા માં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૩મી માહે જુલાઈ સને ૨૦૧૯ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ:૧૩ /૦૭/૨૦૧૯ મોહંમદસલીમ હબીબખાન પઠાણ
સ્થળ : વડોદરા (જીજે.૦૦૮૧૧)
એડી.ચીફ.જયુડી.મેજી.
કોર્ટ .નં ૧૦ વડોદરા